## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બહેન... સાવરણી પાતળી લાગશે,... જીએસટી પછી પણ અમે ભાવ નથી વધાર્યા, ખાલી અઠયાવીસ ટકા સળીઓ ઓછી વાપરી છે...!

# પોલીસ બનીને લૂંટ કરતો સસ્પેન્ડ કોન્સ્ટેબલ ઝડપાયો

### હાઇવે પર યુવતી કારમાં લીફ્ટ લે અને આગળ જઇને, પોલીસ બનીને આવતી ટોળકી 'તોડ' કરી જાય : આ મોડસ ઓપરેન્ડીથી લૂંટ કરાઇ હતી

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદ-ગાંધીનગર આસપાસનાં વિસ્તારોમાં અવાવરુ જગ્યાએ ઉભા રહેતા કપલ્સને પોલીસની ઓળખ આપી દમ મારીને લુંટી લેતો તથા હાઈવે પર યુવતિ કારમાં લીફ્ટ લે અને આગળ જઈને પોલીસ બનીને આવતી ટોળકી 'તોડ' કરી જાય આ મોડસ ઓપરેન્ડીથી લુંટ કરતી ગેંગનો મુખ્ય સુત્રધાર આજે ગાંધીનગર એલ.સી.બીનાં હાથે ઝડપાઈ જવા પામ્યો છે. કલોલ વિસ્તારમાં હાઈવે પર આવી રીતે યુવતિઓની મદદ લઈ વાહન ચાલકને ટ્રેપમાં લીધો હતો. આગળ જઈને આ ગેંગે વાહન ઉભુ રખાવી પોલીસની ઓળખ આપી દમ મારીને રુ.૩૦ હજાર તથા કાર લુંટી લીધી હતી. આ શખ્સને એલ.સી.બીએ પકડી પાડ્યો છે. પકડાયેલો શખ્સ સસ્પેન્ડેડ પોલીસ કોન્સ્ટેબલ હોવાનું ખુલ્યુ છે.

દોઢેક માસ પહેલા કલોલ સિંદબાદ હોટલ સામેથી બે યુવતિઓએ રીટ્ઝ કારમાં લીફ્ટ માંગી હતી. કાર થોડે દુર લઈ જવાયા બાદ નિર્જન વિસ્તાર તરફ લેવડાવવામાં આવી હતી. તેટલામાં પોલીસ બનીને ત્રણ શખ્સો આવ્યા અને છોકરીઓને નિર્જન વિસ્તારમાં લઈ જઈને શુ કરો છો? તમારી પર કેશ થશે અને મીડીયામાં અપાશે.. તેવી દમ દાટી આપી આ ગેંગે રુ.૩૦ હજારની માંગણી કરી હતી. આંગડીયા પેઢી મારફતે ૩૦ હજાર મંગાવ્યા બાદ રીટ્ઝમાં કાર ચાલકને સાથે બેસાડીને અપહરણ કરી ગેંગ ફરાર થઈ હતી અને રસ્તામાં કાર ચાલકને ઉતારી દઈ આ ગેંગ અપહરણ અને લુંટનાં કાવતરામાં સફળ થઈ હતી. આ ગેંગનાં મુખ્ય સુત્રધાર પ્રકાશ ઉર્ફે વિજય ઉર્ફે શિકારી પકડાઈ ગયો છે. એલ.સી.બી પી.આઈ જે.ડી.પુરોહીતની ટીમે આ શખ્સને પકડી પાડી પુછપરછ કરતા ગુનામાં સંડોવાયેલા ધર્મેન્દ્ર દરબાર અને ભીખુ પંચાલ તથા બે યુવતીઓનાં નામ ખુલ્યા છે. કલોલનાં તેરસાપરા વિસ્તારથી પકડાયેલા મોટેરાનાં આ મુખ્ય સુત્રધારે નકલી પોલીસ બનીને અમદાવાદનાં કાલુપુર, અડાલજ કેનાલ અને ઉવારસદ ચોકડી પાસે પણ લુંટ ચલાવી હોવાનું પ્રથમિક તપાસમાં ખુલ્યુ છે. ઉલ્લેખનીય છે કે પ્રકાશ ઉર્ફે વિજય શિકારી ૧૯૯૭માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે અમદાવાદ શહેરમાં ભરતી પામ્યો હતો. ત્યાર બાદ દારુ અને લુંટનાં કેસ તેની સામે થતા તેને ખાતામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. હાલ છેલ્લા બે વર્ષથી તેની ડાંગ જીલ્લા ખાતે બદલી થયેલી છે પરંતુ તે હાજર થયો ન હોવાનું જાણવા મળ્યુ છે.




## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની ઝળહળતી સિદ્ધિ

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લા શિક્ષણ અને તાલીમભવન, ગાંધીનગરની બીએડ દ્વિતિય સત્રની ત્રણ વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટીમાં ટોપટેનમાં પાસ થઈ સંસ્થાને



ઝળહળતી સિદ્ધિ અપાવી છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ચાલતા બીએડના દ્વિતિય સત્રના વિદ્યાર્થીની નેહાબેન પરેચા સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે ઉત્તિર્ણ થયા છે, જ્યારે આઠમા ક્રમે ડાયનાબેન પરીખ અને ફાલ્ગુનીબેન દેસાઈ ઉત્તિર્ણ થયા છે. યુનિવર્સિટીના ટોપટેનમાં ત્રણ વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કરી સંસ્થા તથા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.


## શહેરમાં ફરીવાર ઈમરજન્સી સેવા ૧૦૮ના ડ્રાઈવરોની હડતાલ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં આજે સાંજથી જ ઈમરજન્સી સેવા આપતી ૧૦૮ એમ્બ્યુલન્સના પૈંડા થંભી ગયા છે. ૧૪ એમ્બ્યુલન્સના પાયલોટ અચાનક પડતર પ્રશ્નો અંગે હડતાલ પર જતા રહેતા દર્દીઓ રઝળી પડ્યા હતા. તા.૧૩ જુલાઈના રોજ પડતર પ્રશ્નો અંગે કલેકટરને આવેદન પત્ર આપ્યા બાદ મોડી સાંજે ૧૦૮ના ડ્રાઈવરોએ હડલાત સમેટી લીધી હતી. પરંતુ છ દિવસ બાદ પણ યોગ્ય નિર્ણય તંત્ર દ્વારા નહીં આવતા આજ સાંજથી ફરીવાર ૧૦૮ના કર્મચારીઓએ હડતાલ પાડી દીધી છે અને જીવીકે ઈએમઆરઆઈના તંત્રને મોબાઈલ ફોન અને ગાડીની ચાવી જમા કરાવી દીધી છે. કર્મચારીઓના પડતર પ્રશ્નોને પગલે હડતાલ પાડતા દર્દીઓને ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો છે.

રાજય સરકાર દ્વારા પ્રજાની સેવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા શરુ કરવામાં આવી છે. આ સેવા સમગ્ર રાજયમાં કાર્યરત છે ૧૦૮ની સેવા ૨૪ કલાક આપવામાં આવે છે. રાજયમાં વાહનના અભાવે તેમજ પ્રાથમિક સારવારના અભાવે મૃત્યુ પામનારની સંખ્યામાં ઘટાડો થવા પામ્યો છે. ત્યારે વર્ષોથી કર્મચારીઓના પડતર પ્રશ્નો છે જેનો આજદિન સુધી નિકાલ આવ્યો નથી. જેમાં રાજયમાં કેટલાક સ્થળો પર ૧૦૮ ની સેવા માત્ર ૧૨ કલાક જ છે તેવા સ્થળો પર ૨૪ કલાકની સેવા શરુ કરવી, ૧૦૮ નો કર્મચારી જો કોઈ સંગઠનનો સભ્ય બને તો તેને તાત્કાલીક છુટો કરવામાં આવે છે તે અન્યાય દુર કરવો, એક એમ્બ્યુલન્સે ૨૦૦ કેસ કરવા તેવો ટાર્ગેટ આપવામાં આવે છે. ત્યારે આવો કોઈ જ ટાર્ગેટ ન હોવો જોઈએ, ઈએમટી કે પાઈલોટથી કોઈ ભુલ થાય તો તેઓને તાત્કાલીક જિલ્લા ટ્રાન્સફર કે લોકેશન ચેન્જ કરી હાંકી કાઢવામાં આવે છે. ૧૨ની એવરેજ માટે ટોર્ચર કરવામાં આવે છે તેવી એવરેજ ઈમરજન્સી વાહનમાં ન હોવી જોઈએ, ૧૨ કલાકની નોકરી ઘટાડીને ૮ કલાકની કરવી, કર્મચારીઓને વર્ગ-૩ ના કર્મચારીઓ ગણી ને ધારાધોરણ મુજબ પગાર વધારો, બોનસ જેવા લાભ આપવા, એમ્બ્યુલન્સ માટે પાર્કીંગ, કાયમી લોકેશન, કર્મચારીઓ માટે ટોઈલેટની સુવિધા તેમજ ગાડી ધોવા માટે પાણીની વ્યવસ્થા, ઈએમટી-પાયલોટ સાથે સ્વીપરની જગ્યા ભરવી, ઉનાળામાં એમ્બ્યુલન્સમાં એસી ચાલુ કરવા દેવું,ચાલુ ફરજ દરમિયાન કર્મચારીનું મૃત્યુ થાય તો પરિવારને યોગ્ય વળતર આપવા સહિતના પ્રશ્નો વર્ષોથી પેન્ડીંગ છે. તંત્ર સમક્ષ વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆત છતા નિવેડો ન આવતા કર્મચારીઓએ ના છુટકે હડતાલનું શસ્ત્ર ઉગામ્યું છે. ૧૦૮ ના કર્મચારીઓએ હડતાલ પાડીને ગાડીની ચાવી તેમજ મોબાઈલ ફોન જમા કરાવી દીધા છે. જયારે જિલ્લાના બહીયલ,ચિલોડા અને અડાલજની ૧૦૮ શરુ હોવાનું જીવીકેના અંતરંગ સુત્રો દ્વારા જણવા મળ્યું છે. આજે સાંજથી ગાંધીનગર જિલ્લાની ૧૪ એમ્બ્યુલન્સના પૈંડા થંભી જતા વધુ દર્દીઓને હેરાન થવાનો વારો આવ્યો હતો. પાટગનરમાં ૧૦૮ ની હડલાતને પગલે જીવીકે-ઈએમઆરઈનું તંત્ર પણ હરકતમાં આવી ગયું છે.



સે-૨૪ શ્રીનગર સોસાયટીમાં તોંતિગ વૃક્ષ ધરાશાયી થતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ગાંધીનગર શહેરના ભરચક વિસ્તાર ગણાતા સેકટર-૨૪ શ્રીનગર શોંપીગ સેન્ટર ખાતે તાજેતરમાં આવેલ વરસાદમાં વર્ષો જુનુ તોંતિગ વૃક્ષ ધરાશાયી થઈ ગયુ હતું. જેથી નાગરીકોને તેમજ વાહન ચાલકોને ફરીને લાંબો આટો મારીને ઘરે તેમજ દુકાનોમાં તરફ જવામાં લાબું અંતર કાપવુ પડતુ હતું. નાગરીકો તેમજ વાહનચાલકોને ભારે અગવડતા વેઠવાનો વારો આવ્યો હતો.

## આજે ગાંધીનગર ખાતે બિન સરકારી સંસ્થાઓ સાથે બેઠક

ગાંધીનગર, તા.૧૯

રાજ્ય સરકાર દ્વારા આગામી ૨૭મી જુલાઈથી ૫મી ઓગસ્ટ-૨૦૧૭ દરમિયાન 'મા નર્મદા મહોત્સવ' ઉજવવામાં આવનાર છે. ઉજવણી અંતર્ગત આવતીકાલ તા.૨૦મી જુલાઈના રોજ ઉત્કૃષ્ટ સેવા પ્રવૃત્તિ હાથ ધરતી સ્વૈચ્છિક સંસ્થાઓની યોજનાઓમાં અસરકારક સામેલગીરી, સંકલન અને પ્રોત્સાહન માટે બિન સરકારી સંસ્થાઓનો પરિસંવાદ યોજાશે.

મહાત્મા મંદિર, સેમિનાર હોલ નંબર-૪, ગાંધીનગર ખાતે સવારે ૧૦-૩૦ થી ૧૩-૦૦ કલાક દરમિયાન યોજાનાર આ પરિસંવાદમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને રાજય ગૃહ મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહી પ્રેરક માર્ગદર્શન આપશે. આ પ્રસંગે સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટના પ્રમુખ શ્રી મયુરભઈ સવાણી અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે, એમ સામાન્ય વહીવટી વિભાગના સચિવ શ્રી ધનંજય દ્વિવેદી અને બિનનિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના નિયામક શ્રી કે.ડી. અસારીની સંયુકત યાદીમાં જણાવાયું છે.

## સે. ૨૪ દશામાના મંદિરે ગરબા યોજાશે

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સેક્ટર-૨૪માં દશામાં યુવક મંડળ તરફથી ગાંધીનગર સેક્ટર-૨૪, જ-૧, બ્લોક નં. ૪ પાસે દશામાના મંદિરે-દશામાં વ્રત નિમિત્તે દસે દસ દિવસ સુધી એટલે કે તા. ૨૩-૭-૧૭ થી તા. ૧-૮-૧૭ સુધી રાત્રે સમય ૯ કલાકે માતાજીના ગરબાનું આયોજન કરવામાં આવેલ છે. તો નગરના સર્વે ભાવિક-ભક્તોએ માતાજીના દર્શન-ગરબાનો લાભ લેવા દશામા મંડળ દ્વારા અનુરોધ કરાયો છે. ગાંધીનગરના તથા અન્ય નામાંકિત કલાકારો દ્વારા રાસ-ગરબા રજુ કરવામાં આવશે. દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે માતાજીની આરતી કરવામાં આવશે. દશામાંવ્રત જાગરણ નિમિત્તે સેક્ટર-૨૪ ગાંધીનર મેના કલાવૃંદના રાસ-ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.



ગાંધીનગર શહેરના વોર્ડ નં-૫ માં બુથ સંકલન સમિતિની બેઠક ભાજપના મહામંત્રી કનુભાઈ દેસાઈના નિવાસસ્થાને યોજાઈ હતી. જેમાં શહેર ભાજપના કાર્યકર્તા અને વોર્ડના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. વિવિધ મુદે ચર્ચા અને વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાજપ પ્રમુખ મહેન્દ્ર દાસ, રુચીર ભાઈ ભટ્ટ,સહિત વોર્ડના કાર્યકરો તેમજ મહાનગરના હોદેદારો હાજર રહ્યા હતા.

## રેતી-કાંકરીની ગ્રાન્ટના વિવાદ અંગે પંચાયત પ્રમુખો દ્વારા પંચાયત મંત્રીને રજુઆત

### રેતી ચોરીના કિસ્સામાં વસુલાતા દંડમાંથી પણ જિલ્લાઓને હિસ્સો આપવા પ્રમુખોની માંગ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર સહિત ૬ જિલ્લા પંચાયતોના પ્રમુખોએ રાજ્યના પંચાયત મંત્રી જયંતિભાઈ કવાડિયાને મળી રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી હાઈમાસ્ક લાઈટના કામો અટકાવવાના વિવાદસ્પદ નિર્ણયને પાછો ખેંચવા માટે ઉગ્ર રજુઆત કરતાં પંચાયત મંત્રીએ આ મુદ્દે લેખિતમાં સામુહિક રજૂઆત આપવા અને સરકાર સહાનુભૂતિથી આ મુદ્દે વિચારણા કરશે તેવી હૈયાધારણ આપી છે.

ગાંધીનગર, મહેસાણા, આણંદ, ભાવનગર, સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખો પંચાયત મંત્રીને મળ્યા હતા. તાજેતરમાં વિકાસ કમિશનરે હાઈમાસ્ક સાઈટના કામો પર રોક લગાવવાના કરેલા નિર્ણયને પગલે દરેક જિલ્લા પંચાયતમાં હોબાળા મચ્યા છે.

આ કામના વહીવટીય ઓર્ડર અપાઈ ચુક્યા છે તેમજ કેટલાક સ્થાનો પર તો કામો પણ શરૂ થઈ ચુક્યા છે હવે આ નિર્ણયનો અમલ અટકાવવો મુશ્કેલ હોવાની રજુઆત પંચાયત પ્રમુખોએ કરી હતી.

આ પ્રમુખોએ પંચાયતોની સ્વભંડોળની આવક માટે જે સ્રોતો છે તેના ધોરણો ઘણા જુના હોઈ તમાં સુધારો કરવાની અને નાણાં ફાળવવામાં આવે તેવી રજુઆત પણ કરી હતી.

આ ઉપરાંત રેતી-કાંકરીના કિસ્સામાં જે ચોરીના કેસો પકડાય છે અને દંડ વસુલવામાં આવે છે તેમાંથી પણ રકમ જિલ્લાઓને ફાળવવામાં આવે તેથી વિકાસ માટે વધુ નાણાં ઉપલબ્ધ થાય તેવી રજુઆત પણ કરી હતી. પંચાયત મંત્રીએ પ્રમુખોની આ રજુઆતનો સકારાત્મક ઉકેલ લાવવાની હૈયાધારણ આપી હોવાનું જાણવા મળેલ છે.

## ચિલોડા પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય ખાતે વન મહોત્સવની ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા ખાતે આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયના નવનિર્મિત બાગમાં ચિલોડા સેવા કેન્દ્ર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગાંધીનગર સે. ૨૮ સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયના સંચાલિકા કૈલાસ દીદીના હસ્તે વૃક્ષારોપણ કરી તે વૃક્ષારોપણ કરી સાચા મનથી જાળવણી અને જતન કરવા શુભ સંદેશો પાઠવ્યો હતો. વૃક્ષારોપણ કાર્યક્રમમાં જવાનોનું આ પવિત્ર કાર્યમાં જોડાઈ સુંદર કાર્ય હાથ ધરવા



તથા હોમગાર્ડઝ સબ યુનિટના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડર અને ડીવાયએસપી એમ.જે. સોલંકીના માર્ગદર્શન હેઠળ સબ ઈન્સ્પેક્ટર કે.ડી. રાજપૂત તથા યુનિટના ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકીની દેખરેખ હેઠળ હોમગાર્ડઝ જવાનો તેમને જવાનોના ઉમદાકાર્ય અને પ્રસંશનીય કામગીરીને બિરદાવી આશીર્વચન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ચિલોડા ગામના અગ્રણી નટુભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન દ્વારા ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેન્ટ ચેઈન્જના પડકારોમાંથી બચવાનો એકમાત્ર ઉપાય વૃક્ષો છે. બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ચિલોડા સેવા કેન્દ્રના સંચાલિકા તારાદીદી, બી.કે. પરિવાર, એગ્રીકલ્ચરલ ડે. ડાયરેક્ટર, વી.બી. જાદવ હાજર રહી પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. સૌ ઉપસ્થિત જવાનોને પ્રસાદ આપી ઉષ્માભર્યુ અભિવાદન કર્યું હતું.

## કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનની અચોક્કસ મુદતની હડતાલ

### રાજ્યના ૫ હજારથી વધુ કોન્ટ્રાક્ટર્સ જોડાતા ૧ લાખથી વધુ શ્રમિકોને અસર : ૫૦ હજાર કરોડના સરકારી કામો અટવાશે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશન દ્વારા તા. ૧૬મી જુલાઈથી રાજ્યમાં ચાલતા તમામ સરકારી કામોને જીએસટીના કાયદાના વિરોધમાં અચોક્કસ મુદત સુધી હડતાલનુ એલાન આપવામાં આવ્યું છે. એસોસિએશનના પ્રમુખ અરવિંદભાઈ પટેલે જણાવ્યું છે કે જીએસટીનો અમલ ચાલુ પ્રગતિ હેઠળના કામોમાં અસહ્ય વધારાનો બોજો, રોયલ્ટી દર અને પરમીટમાં થેલ અસહ્ય ભાવવધારો તથા સરકારમાં અમારા પડતર પ્રશ્નોનો નિકાલ નહી આવે ત્યાં સુધી અમારી લડત ચાલુ રહેશે.

અગાઉ કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનનું પ્રતિનિધિમંડળ તા. ૪થી જુલાઈએ મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, રાજ્યકક્ષાના ખાણ અને ખનીજ મંત્રી રોહિત પટેલ, માર્ગ અને મકાન વિભાગના સચિવ વસાવા તથા જીએસટી કમિશનર ડૉ. પી.ડી. વાઘેલાને મળ્યું હતુ. પરંતુ હજુ સુધી એસોસિએશનના પડતર પ્રશ્નો અંગે કોઈ નક્કર નિરાકરણ પ્રાપ્ત થવા પામ્યુ નથી. આ કારણે અચોક્કસ મુદતની હડતાલ કરવામાં આવી છે. જેમાં રાજ્યના ૫ હજારથી વધુ કોન્ટ્રાક્ટર્સ જોડાયા છે. જેની સીધી અસર ૧ લાખથી વધુ શ્રમિકોને થશે તથા ૫૦ કરોડના વિવિધ સરકારી કામો અટકી પડશે.

## સીએ ફાઈનલ પરીક્ષામાં અમદાવાદના છ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ

અમદાવાદ, તા.૧૯

સીએ ફાઈનલ પરીક્ષાનું ઓલ ઈન્ડિયા લેવલનું પરિણામ ૨૨.૯૮ ટકા અને સીપીટી(કોમન પ્રોફીશીયન્સી ટેસ્ટ) ૨૦૧૭ પરીક્ષાનું ઓલ ઈન્ડિયા લેવલનું ૪૦.૫૨ ટકા પરિણામ જાહેર થયું હતું, જેમાં અમદાવાદ સેન્ટરના ૬ વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા લેવલમાં પણ ઉત્કૃષ્ટ સ્થાન હાંસલ કરી અમદાવાદનું નામ રાષ્ટ્રીય કક્ષાએ રોશન કર્યું હતું. આ અંગે આઈસીએઆઈના ચેરમેન સીએ ચિંતન પટેલ તથા અન્ય હોદ્દેદારો ગણેશ નાદાર, અનિકેત તલાટી અને પુરુષોત્તમ ખાંડેલવાલે જણાવ્યું હતું કે, સીએ ફાઈનલની મે-૨૦૧૭માં લેવાયેલી પરીક્ષાના પરિણામમાં અમદાવાદ સેન્ટરમાંથી પક્ષલ ભુપેશકુમાર શાહે ૫૫૨ કુલ માર્કસ સાથે ૨૨ નંબરનો રેન્ક હાંસલ કરી અમદાવાદ સેન્ટરમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. ઓલ ઈન્ડિયા લેવલમાં ૨૪ મો રેન્ક પ્રાપ્ત કરનારી યુકતા મહેશ્વરીએ ૫૪૮ કુલ માર્કસ સાથે અમદાવાદ સેન્ટરમાં બીજુ સ્થાન હાંસલ કર્યું છે, જયારે મદનગોપાલ શંકરલાલ અગ્રવાલે ૫૩૮ કુલ માર્કસ સાથે ઓલ ઈન્ડિયા લેવલમાં ૩૪મો રેન્ક મેળવી અમદાવાદ સેન્ટરમાં ત્રીજુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ વિદ્યાર્થીઓએ અમદાવાદનું ગૌરવ વધાર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, સીએ ફાઈનલ મે-૨૦૧૭ની એક્ઝામમાં અમદાવાદ સેન્ટરમાંથી બંને ગ્રુપમાંથી કુલ ૧૩૦૨ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા, જેમાંથી ૩૫૦ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. ગ્રુપ એકમાં ૧૨૨૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧૮૩ વિદ્યાર્થીઓ પાસ થયા હતા, જયારે ગ્રુપ બેમાં ૧૩૨૨ વિદ્યાર્થીઓ બેઠા હતા, તે પૈકી ૨૫૯ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. સીએ ફાઈનલ ગ્રુપની બંને પરીક્ષામાં કુલ ૩૪૫૦૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જે પૈકીના ૭૯૨૮ વિદ્યાર્થીઓ પાસ થતાં કુલ ૨૨.૯૮ ટકા પરિણામ જાહેર થયું છે. જયારે સીપીટીની પરીક્ષામાં કુલ ૮૮૯૧૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જે પૈકી ૩૬૦૨૮ વિદ્યાર્થીઓ પાસ થતાં ૪૦.૫૨ ટકા પરિણામ જાહેર કરાયું હતું. સીપીટી જૂન-૨૦૧૭માં લેવાયેલી પરીક્ષામાં અમદાવાદ સેન્ટરમાંથી કુલ ૧૯૨૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી ૧૦૬૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં પાસ થતાં સીપીટી એક્ઝામનું અમદાવાદ સેન્ટરનું પરિણામ ૫૫.૨૪ ટકા આવ્યું છે.

## મોટી ભોંયણમાં માતા સાથે બે બાળકો ગુમ

ગાંધીનગર, તા.૧૯

મોટી ભોંયણ ગામના સરોજબેન બળેદવજી ફતાજી ઠાકોર, ઉ.વ. ૨૫ અન તેમના બે નાના બાળકો અરૂણ ઉ.વ. ૮ અને અખીલ ઉ.વ. ૬ વર્ષ પાંચ માસ તા. ૧૧ જુલાઈના રોજ કોઈને જાણ કર્યા વગર કયાંક ચાલ્યા ગયા છે. તેઓ રંગે ઘઉં વર્ણા અને ગુજરાતી ભાષા જાણે છે તો જે કોઈને જાણ થાય તો સાંતેજ પોલિસ સ્ટેશને જાણ કરવા જણાવાયું છે.

## દુઃખદ અવસાન

ગોહિલ દલપતસિંહ બેચરજી નું તા.૧૭ જુલાઈના રોજ આકસ્મિક દુખદ અવસાન થવા પામ્યું છે. સદગતનું બેસણું સવારના ૯ થી ૧ કલાક દરમિયાન તા.૨૧-૭-૧૭ ને શુક્રવારના રોજ મુ.પો. ઈન્દ્રોડા તા.જી. ગાંધીનગર ખોડીયાર માતાના મંદિર પાસે રાખવામાં આવેલ છે.